Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૧૨ | ડિસેમ્બર-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઉત્તર પ્રદેશ, બનાસ ડેરીના પશુપાલકોનાં બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા રૂ.૧૦૧.૮૪ કરોડનો નફો**

**બનાસકાંઠા જિલ્લાની માતા, બહેનોના સ્વાસ્થ્યની ચિંતા કરીને બનાસ ડેરી દ્વારા સ્તન કેન્સર ચકાસણી માટે 'મેમોગ્રાફી વાન' દ્વારા નવીન પહેલ.**

**પશુપાલકોની જીવાદોરી સમી બનાસ ડેરીએ આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલની ૫૧મી પુણ્યતિથિની ઉજવણી કરી.**






**લાખો મહિલા પશુપાલકોના પરિવારોને સમૃદ્ધ, સશક્ત અને સ્વાવલંબી બનાવવા ક્રાંતિકારી વિચાર, મક્કમ મનોબળ અને અવિરત પ્રયાસોના ફળસ્વરૂપે બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સ્થાપના કરનાર સ્વ. ગલબાભાઈ પટેલ**

પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

# યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ રૂ.૧૦૧.૮૪ કરોડનો નફો બનાસ ડેરી, ઉત્તર પ્રદેશના પશુપાલકોના બેંક ખાતામાં ડાયરેક્ટ ટ્રાન્સફર કરી સમૃદ્ધિ, સુખાકારી અને સશક્તિકરણમાં વધારો કરવા આપી એક અમૂલ્ય સોગાત

**યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દૂરંદેશીતા અને માર્ગદર્શનના પરિણામે બનાસ ડેરીના લાખો ખેડૂતો અને પશુપાલકોનું જીવન સમૃદ્ધ બની રહ્યું છે અને તેમના પરિવારો સુખી થઈ રહ્યા છે. સમગ્ર બનાસ પરિવાર વતી, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો ખૂબ ખૂબ આભારઃ**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**




યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અધ્યક્ષતામાં વારાણસી ખાતે ૧૯,૧૫૦ કરોડથી વધારે મૂલ્યના વિકાસલક્ષી કાર્યોનું ભૂમિપૂજન કરવામાં માટે આયોજિત કાર્યક્રમમાં બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમ દરમિયાન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે રૂ.૧૦૧.૮૪ કરોડનો નફો બનાસ ડેરી, ઉત્તર પ્રદેશના પશુપાલકોના બેંક ખાતામાં ડાયરેક્ટ ટ્રાન્સફર કરીને તેમની સમૃદ્ધિ, સુખાકારી અને સશક્તિકરણમાં વધારો કરવાની એક





અમૂલ્ય સોગાત આપી છે. ઉત્તર પ્રદેશમાં બનાસ ડેરી ૫૦૦ કરોડથી વધુનું રોકાણ કરી રહી છે અને ડેરી પશુધન વધારવાનું અભિયાન ચલાવી રહી છે. આગામી આધુનિક બનાસ ડેરી પ્લાન્ટનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ જનતાને જણાવ્યું હતું કે બનાસ ડેરી બનારસના ખેડૂતો માટે વરદાનરૂપ સાબિત થશે. લખનઉ અને કાનપુરમાં બનાસ ડેરીના પ્લાન્ટ પહેલેથી જ ચાલી રહ્યા છે. આ વર્ષે બનાસ ડેરીએ ઉત્તર પ્રદેશના ૪ હજારથી વધુ ગામના ખેડૂતોને એક હજાર કરોડ રૂપિયાથી વધુની ચૂકવણી કરી છે. આ કાર્યક્રમમાં બનાસ ડેરીએ ઉત્તરપ્રદેશના ડેરી ખેડૂતોના ખાતામાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ડિવિડન્ડ તરીકે જમા કરાવી હતી.

ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસની ચિંતા કરી હંમેશા એમના હિતમાં નિર્ણયો, યોજનાઓ તેમજ આયોજન કરતાં વિકાસપુરુષ અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રેરણાદાયી શબ્દો બનાસ ડેરીને શક્તિ, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓશ્રીનું જીવન કરોડો લોકો માટે પ્રેરણાસ્ત્રોત છે કારણ કે તેમણે બતાવેલા માર્ગ પર ચાલી ચેરમેનશ્રીએ પશુપાલકોને દુધના શ્રેષ્ઠ ભાવ આપ્યા, ઐતિહાસિક ભાવ વધારો આપ્યો, ભવિષ્યના આયોજન રૂપે બનારસમાં ડેરીનો નવો પ્લાન્ટ સ્થાપ્યો, સણાદર ખાતે બનાસ સંકુલનું નિર્માણ કર્યું, બનાસ ડેરીને અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરી, તમામ કામગીરીને કમ્પ્યુટરાઈઝ કરી, ગુજરાત બહાર ડેરીનું વિસ્તૃતીકરણ કર્યું, પશુપાલનનો વ્યાપ વધાર્યો અને દૂધ સાથે અન્ય વ્યવસાયો શરુ કરીને પશુપાલકો તેમજ ખેડૂતોની આવક બમણી કરી છે. તેઓશ્રીની પ્રેરણા સકારાત્મક પરિણામમાં બદલી છે.

ચેરમેન શ્રીએ સમગ્ર બનાસ પરિવાર વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો અંતઃકરણપૂર્વક આભાર માનતા કહ્યું હતું કે મોદી સાહેબની દૂરંદેશીતા અને માર્ગદર્શનના પરિણામે બનાસ ડેરીના લાખો ખેડૂતો અને પશુપાલકોનું જીવન સમૃદ્ધ બની રહ્યું છે અને તેમના પરિવારો સુખી થઈ રહ્યા છે. વધુમાં તેમણે કહ્યું હતું કે જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે અને અત્યારે જયારે તેઓ દેશના લોકપ્રિય વડાપ્રધાન છે ત્યારે પણ બનાસ ડેરીને જરૂરી માર્ગદર્શન, સાથ સહકાર અને સહાય પુરી પાડીને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો-પશુપાલકોને આત્મનિર્ભર, સ્વાવલંબી અને સક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી માળખાને મજબુત બનાવી 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા માટે કરેલ પ્રયાસ, પરિશ્રમ અને પરિવર્તન સમગ્ર ભારત દેશ સહ વિશ્વ માટે પણ આદર્શ અને પ્રેરણાદાયી છે. તેઓ ભારતીય સંસ્કૃતિને વરેલા છે, માટે પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે સક્રિય રીતે સંકલ્પબદ્ધ છે. એમના અથાગ પ્રયત્નોને કારણે આજે આખો દેશ સહકારની ભાવનાથી જોડાયેલો છે. તેમની સાથેનો સંવાદ હંમેશા રાષ્ટ્રનિર્માણ માટે નવી ઉર્જા પ્રદાન કરનારો બની રહે છે.

# વારાણસી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસ ડેરીના વિકાસલક્ષી કાર્યો સંદર્ભે કરેલા સંબોધનનું શબ્દશ: વર્ણન



"સાથીઓ,

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, આજે ખાસ ખેડૂતોને ભેટ-સોગાદ આપવા વારાણસીઆવ્યા છે. તમારા બધાના પ્રયત્નોને લીધે, બનારસમાં અમૂલ તરીકે ઓળખાતા આધુનિક બનાસ ડેરી પ્લાન્ટનું નિર્માણ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે અને શંકરભાઈ મને કહેતા હતા કે આ કામ કદાચ એકાદ મહિનામાં પૂરું પણ થઈ જશે. બનાસ ડેરી બનારસમાં રૂ. ૫૦૦ કરોડથી વધુનું રોકાણ કરી રહી છે. આ ડેરી ગાય સંવર્ધન માટે પણ અભિયાન ચલાવી રહી છે જેથી દૂધ ઉત્પાદન વધુ વધે. બનાસ ડેરી, કિસાનન બદે વરદાન સાબિત ભઈલ હૌ. લખનૌ અને કાનપુરમાં બનાસ ડેરીના પ્લાન્ટ પહેલેથી ચાલી રહ્યા છે.

આ વર્ષે બનાસ ડેરીએ યુપીનાં ૪ હજારથી વધુ ગામોના ખેડૂતોને એક હજાર કરોડ રૂપિયાથી વધુની ચુકવણી કરી છે. અહીં આ કાર્યક્રમમાં બીજું મોટું કામ થયું. ડિવિડન્ડ તરીકે, બનાસ ડેરીએ આજે યુપીના ડેરી ખેડૂતોનાં બૅન્ક ખાતા માં રૂ. ૧૦૦ કરોડથી વધુ જમા કરાવ્યા છે. આ લાભ મેળવનાર તમામ ખેડૂતોને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વિકાસની આ અમૃત ધારા જે કાશીમાં વહી રહી છે તે આ સમગ્ર પ્રદેશને નવી ઊંચાઈઓ પર લઈ જશે. પૂર્વાંચલનો આ આખો વિસ્તાર દાયકાઓથી ઉપેક્ષિત રહ્યો છે. પરંતુ મહાદેવના આશીર્વાદથી હવે મોદી તમારી સેવામાં લાગેલા છે."



# બનાસકાંઠા જિલ્લાની માતા, બહેનોના સ્વાસ્થ્યની ચિંતા કરીને બનાસ ડેરી દ્વારા સ્તન કેન્સર ચકાસણી માટે 'મેમોગ્રાફી વાન' દ્વારા નવીન પહેલ




- બનાસ મેડીકલ કોલેજની નિ:શુલ્ક નિદાનની સંવેદનશીલ પહેલ
- વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે મેમોગ્રાફીવાનનો પ્રારંભ
- માતા બહેનોની ચિંતા કરતા આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મેમોગ્રાફીની સુવિધા આપણા જિલ્લામાં શરૂ થઈ છે: અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી
- બનાસ મેડિકલ કોલેજને સાંસદની ગ્રાન્ટમાંથી ૨૫ લાખનું દાન જાહેર કરતા સાંસદશ્રી પરબતભાઈ પટેલ

**'જનસેવા એજ પ્રભુસેવા' ના મંત્રને સાકાર કરવા માટે બનાસ ડેરી સંચાલિત બનાસ મેડિકલ કોલેજ દ્વારા બનાસકાંઠા જિલ્લાની મહિલાઓના સ્તન કેન્સરની ચકાસણી કરી જરૂરી આરોગ્ય સારવાર આપવાના અભિગમ સાથે રૂ. ૧.૦૭ કરોડના ખર્ચે નવીનતમ હાઈટેક મશીનનો ઉપયોગ કરીને મેમોગ્રાફી વાન તૈયાર કરવામાં આવી છે, જે બનાસકાંઠા જિલ્લાના ગામેગામ ફરીને મહિલાઓના સ્તન કેન્સરની ચકાસણી અને જરૂરી સારવાર આપીને પ્રાણ બચાવવાનું કાર્ય કરશે: ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસ ડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ મોરિયા, પાલનપુર ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં અને સાંસદશ્રી પરબતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મેમોગ્રાફી વાનનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જે અંતર્ગત અધ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ અને ઉપસ્થિત મહાનુભાવોએ લીલીઝંડી આપી મેમોગ્રાફી વાન તેમજ એ.એલ.એસ. (એડવાન્સ લાઈફ સપોર્ટ)વાનનું લોકાર્પણ કર્યું હતું.



એક કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અદ્યતન મશીનરી સાથે વિકસાવાયેલી મેમોગ્રાફી વાન બનાસકાંઠા જિલ્લાના ગામેગામ ફરશે. મહિલાઓના સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સરનું સચોટ નિદાન કરી સમયસર સારવાર ઉપલબ્ધ કરાવશે. આ સુવિધાથી લાખો મહિલાઓને સ્તન કેન્સર અને ગર્ભાશય કેન્સરની નિઃશુલ્ક સારવાર ઘર આંગણે મળી શકશે. જિલ્લામાં મેમોગ્રાફી વાનના લોકાર્પણ થકી મહિલાઓની આરોગ્ય સુખાકારી માટેની એક નવતર પહેલનો સમગ્ર રાજ્યમાં પ્રથમવાર પાલનપુર ખાતેથી પ્રારંભ થયો છે.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આપણા સૌની ચિંતા કરતા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી આપણા જિલ્લામાં સમગ્ર રાજ્યમાં સૌ પ્રથમ એવી મેમોગ્રાફી વાનની સુવિધા ઉપલબ્ધ બની છે. આજે પૂર્ણિમાના દિવસે મા અંબા સમાન શક્તિસ્વરૂપા માતા બહેનો માટે આ વાનનું લોકાર્પણ કરતાં એક અનેરી ખુશી થાય છે એમ કહી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આપણી માતાઓ બહેનો સ્તન કેન્સર કે ગર્ભાશયના કેન્સરની બીમારીમાં પરિવારને જણાવતાં પણ શરમ સંકોચ અનુભવતા હોય છે. જેના લીધે વહેલું નિદાન ન થઈ શકતાં માતા બહેનોએ પોતાનો જીવ ગુમાવવો પડે છે. આ પરિસ્થિતિ ન સર્જાય એ માટે આ મેમોગ્રાફીવાન જિલ્લાના રણવિસ્તાર, આદિવાસી વિસ્તાર અને તમામ ગામડાઓમાં ફરશે અને તેનું સચોટ નિદાન કરશે. આ વાનમાં સ્ટાફ પણ મહિલાઓનો હશે જેથી કેન્સરના નિદાનમાં માતા બહેનો શરમ સંકોચ રાખ્યા વિના પોતાની તકલીફ જણાવી શકશે. જેથી કેન્સરના પહેલા સ્ટેજ સુધીમાં સમયસર સારવાર મળતાં માતા બહેનોને બચાવવાનું કામ થઈ શકશે.

વધુમાં તેમણે જણાવ્યું કે, આ વાનની સુવિધાથી આપણે એક પણ મહિલાનો જીવ બચાવી શકીશું તો કરોડો રૂપિયાનું કામ સાર્થક ગણાશે. આ સાથે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ આગામી સમયમાં બનાસ મેડિકલ કોલેજ ખાતે કેન્સર ટ્રીટમેન્ટ સેન્ટર શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. તેમજ હૃદયરોગની સારવાર માટેની અદ્યતન સુવિધાઓ પણ આગામી સમયમાં બનાસવાસીઓને મળી રહે તેવું આયોજન ચાલી રહ્યું હોવાનું કહ્યું હતું.

સાંસદશ્રી પરબતભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, દેશમાં અને રાજ્યમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આરોગ્યલક્ષી સુવિધાઓનો વિકાસ થયો છે. જેનો લાભ આપણા જિલ્લાને પણ મળ્યો છે. પહેલાના સમયમાં દવાખાને જવું તો ક્યાં જવું એ પ્રશ્ન હતો. આજે આપણને ઘર આંગણે મેડિકલ સુવિધાઓ મળતી થઈ છે. જિલ્લામાં થોડાક વર્ષો પહેલાં મેડિકલ અભ્યાસની ૧૧૩૫ જેટલી સીટો હતી. જે આજે ૬૬૫૦ જેટલી થઈ છે. આયુષ્યમાન ભારત કાર્ડ સહિતની અનેક યોજનાઓનો લાભ છેવાડાના દર્દીઓને મળ્યો છે. મેમોગ્રાફી વાનની સુવિધાથી માતાઓ બહેનોને એક નવી જિંદગી મળશે. આ સુવિધા તેમના માટે આશીર્વાદરૂપ બની રહેશે. દુનિયાની એકમાત્ર ખેડૂતોની મેડિકલ કોલેજ હોવાનું ગૌરવ ધરાવતી બનાસ મેડિકલ કોલેજ દ્વારા શરૂ કરાયેલી આ સેવા છેવાડામાં વસતી મહિલાઓ માટે પણ ઉપયોગી બની રહેશે એમ જણાવી માતાઓ બહેનોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ બનાસ મેડિકલ કોલેજને પોતાની ગ્રાન્ટ માંથી ૨૫ લાખ રૂપિયાનું માતબર દાન જાહેર કર્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, રાજ્યસભાના પૂર્વ સાંસદશ્રી દિનેશભાઈ અનાવાડિયા, બનાસ બેંકના ચેરમેનશ્રી સવસીભાઈ ચૌધરી, વાઇસ ચેરમેનશ્રી ભાવાભાઈ રબારી, બનાસ મેડિકલ કોલેજના પ્રમુખશ્રી પી.જે. ચૌધરી, બોર્ડ ડિરેક્ટરશ્રીઓ, એમ.ડી. શ્રી, ફેકલ્ટીઝ, કોલેજના ડીનશ્રી સહિત સ્ટાફ પરિવાર અને મોટી સંખ્યામાં માતાઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.






# ચેરમેન શ્રી શંકરભાઈના સંબોધનનો મૂળપાઠ






"બહેનો,

પૂનમના દિવસથી મા જગદંબાની સેવા કરવાનું કામ એ બનાસ મેડિકલ કોલેજ ગલબાભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી બનાસ ડેરી કરવા જઈ રહી છે, એનો ખૂબ આનંદ અને સંતોષ થાય છે. કોઈ બહેનને કેન્સરની શરૂઆતમાં અથવા કેન્સર ડિટેક્ટ થઈ જાય તો તેના પ્રાણ બચી શકે અને કેન્સરના કારણે એ માતાને બચાવવાનું કામ આપણે કર્યું છે. આ પહેલી વાન હશે કે જિલ્લા કક્ષાએ મેમોગ્રાફી વાન આપણા બનાસ જિલ્લાની અંદર આવી રહી છે. લગભગ ૧ કરોડના ખર્ચે બનાવવામાં આવી છે, પરંતુ મા જગદંબા સ્વરૂપ માતાઓ બહેનોની સેવા કરવી એ ભાવ સાથે બનાસ મેડિકલ કોલેજ અને ડેરીએ આ કામને આગળ લીધું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી અને ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં આપણા જિલ્લામાં અને સમગ્ર રાજ્યમાં સૌ પ્રથમ એવી મેમોગ્રાફી વાનની સુવિધા ઉપલબ્ધ થઈ છે. 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત' ની પરિકલ્પનાને પરિપૂર્ણ કરવા ચેરમેનશ્રીના નેતૃત્વમાં બનાસ ડેરી સતત પ્રયાસ કરી રહી છે. ઘર આંગણે આરોગ્ય સારવાર આપવાનાં ઉદ્દેશ્ય સાથે આ મેમોગ્રાફી વાન જિલ્લાના ગામેગામ ફરીને નિષ્ણાત ડોક્ટરશ્રીઓ મદદથી સંપૂર્ણ મહિલા સ્ટાફ સાથે સ્તન કેન્સરની ચકાસણી કરવામાં આવશે, શ્રેષ્ઠ સારવાર અપાશે."

# ચેરમેન શ્રી શંકરભાઈના શુભહસ્તે કરાયું ભાભર ખાતે નવનિર્મિત ઉમંગ મોલનું લોકાર્પણ

## ગ્રામ્ય વિસ્તારમાં બનાસ ડેરીનાં કાર્યરત ૩૫ ઉમંગ મોલ કરશે સહકારથી સમૃદ્ધિની ભાવનાને સાકાર



- સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસડેરીનું સાહસ એટલે ઉમંગ મોલ
- ખેડૂતો અને પશુપાલકોના સમય અને પૈસાની બચત કરી ઘરઆંગણે જ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવશે આ ઉમંગ મોલ.
- ભવિષ્યમાં આ ઉમંગમોલ બનાસકાંઠાની ઓળખાણ બનશે અને જિલ્લાના અર્થ તંત્રને મદદ કરશે.
- શહેરોમાં જોવા મળતા મોલ જેવાજ ઉમંગ મોલ બનાસ ડેરી એ ગ્રામ્ય વિસ્તારમાં શરુ કર્યા.

એશિયાની સૌથી મોટી અને બનાસકાંઠાના લોકો માટે જીવાદોરી સમાન બનાસડેરીએ પશુપાલકો, ખેડૂતો અને ગામમાં રહેનારા લોકોને જીવન જરૂરિયાતની શ્રેષ્ઠ ચીજવસ્તુઓ- સામગ્રી સસ્તા ભાવે તેમના ઘર આંગણે જ આપવા અને એમના પૈસા એમની પાસે જ પરત આવે સાથે બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસડરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઈ વેચાય એવા હકારાત્મક અભિગમ સાથે બનાસડેરી એ ઉમંગ મોલ ઉભા કરવાનું સાહસ કર્યુ છે. ડિસેમ્બર મહિનાની ૨૫ તારીખના રોજ ભાભર ખાતે નવનિર્મિત ઉમંગ મોલનું લોકાર્પણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ગામના લોકો માટે આ એક આધુનિક વ્યવસ્થા સાથેનો રૂરલ મોલ છે. સહકારથી ખેડૂતો અને પશુપાલકોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે બનાસડેરીનું એક નવું સાહસ આ ઉમંગ મોલ છે. ગ્રામજનોને બજાર મળતી તમામ વસ્તુઓ તેમના ઘર આંગણે ઉપલબ્ધ કરવવાની સુદ્રઢ વ્યવસ્થાના ભાગરૂપે બનાસડેરી દ્વારા આધુનિક વ્યવસ્થા ધરાવતા ઉમંગ મોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં જિલ્લાના અન્ય ગામડાઓમાં આ ઉમંગ મોલ શરુ કરવાનું બનાસડેરીનું આયોજન છે. જયારે સ્વ. શ્રી ગલબા કાકાએ બનાસડેરીની શરૂઆત કરી, ત્યારે તેઓએ કદાચ કલ્પના પણ નહિ કરી હોય કે એમણે રોપેલું બીજ આજે વિશાળ વટવૃક્ષ બનશે. આજે પશુપાલકો અને ખેડૂતોના જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે બનાસડેરી એ દૂધ સિવાયના અન્ય કેટલાય વ્યવસાયો અને વ્યવસ્થાની શરૂઆત કરી છે.

બનાસડેરીની ૫૩ મી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે ગામમાં વસતા પશુપાલક અને ખેડૂતોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે અન્ય સામગ્રી લેવા માટે બજાર જવું ના પડે છે, તે માટે બનાસડેરી એક એવી વ્યવસ્થા ઉભી કરશે કે જ્યાં ખેડૂતો અને પશુપાલકોને તેમના ઘર આંગણે જ શ્રેષ્ઠ ગુણવત્તાવાળી તમામ વસ્તુઓ સસ્તા ભાવે અને ડિસ્કાઉન્ટ સાથે મળી રહેશે. બનાસકાંઠા જિલ્લાનાં અલગ અલગ ગામડાઓમાં ઉમંગ મોલ શરૂ કરીને એમણે પોતાના શબ્દો સાર્થક કર્યા છે.અગામી ૨૦-૨૫ વર્ષ પછી આ ઉમંગ મોલનું વૃક્ષ વિશાળ વટવૃક્ષમાં રૂપાંતરિત થઇ બનાસકાંઠા જિલ્લાની ઓળખ બનશે તેમજ બનાસકાંઠાના અર્થતંત્રને મજબુત બનાવવામાં ડેરીએ જે રીતે મદદ કરી છે, તેવી જ મોટી મદદ ભવિષ્યમાં આ ઉમંગ મોલ કરશે.




આ મોલ થકી બનાસકાંઠા જિલ્લાના ઉત્પાદનમાંથી બનતી વસ્તુઓ બનાસડરીના નામ સાથે ઉમંગ મોલમાં જ પેકિંગ થઇ વેચાશે, જેનો ઘણો મોટો ફાયદો જિલ્લાના જ ખેડૂતો અને પશુપાલકોને મળશે. આ મોલમાં કે ડેરીમાં મળતી વસ્તુઓ બજાર કરતા ઉચ્ચ ગુણવત્તા વળી અને વ્યાજબી ભાવે મળે છે, જે બહારના માર્કેટ નહિ મળતી હોય અને કદાચ મળે તો તેની કિંમત વધારે હશે. ખેડૂતો અને પશુપાલકોના કામમાં આવતી વસ્તુઓ જેવી કે દાતરડું, પાવડો, કોદાળી જેવી મળશે. ઉમંગ મોલ બજારમાં જોવા મળતા આધુનિક મોલ જેવો જ છે, જ્યાં તમામ ચીજવસ્તુઓ ડિસ્કાઉન્ટ સાથે શ્રેષ્ઠ અને સસ્તાભાવે મળશે તેમજ ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટની વ્યવસ્થા પણ ઉભી કરાઈ છે. ઉમંગ મોલને રૂરલ મોલ પણ કહી શકાય છે. આ મોલ દૂધ મંડળીઓ સાથે જોડાયેલા છે, જેનો ફાયદો પશુપાલકોને થશે.

આજે બનાસડેરી ગ્રામીણ બનાસકાંઠા અને એમાં વસતા લોકોના જીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે કટિબદ્ધ છે, એમાનું એક સાહસ એટલે ઉમંગ મોલ. ઉમંગ મોલના આવવાથી હવે બનાસની વસ્તુ બનાસકાંઠામાં જ તૈયાર થઈને વ્યાજબી ભાવે બનાસવાસીઓને મળતી થઇ છે, પશુપાલકો અને ખેડૂતોને બજાર જવા માટે ભાડામાં ખર્ચાતા પૈસાની અને સમયની બચત થઇ રહી છે. બજાર જોવા મળતી આધુનિક વ્યવસ્થાનો લાભ ગામમાં મળતો થયો તેમજ ગામના લોકો કેશલેશ વ્યવહાર કરતા થાય છે. અગામી સમયમાં જિલ્લાના અન્ય સ્થળોએ પણ ઉમંગ શરુ કરવાનો બનાસડેરીનું આયોજન છે. શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેલા ખેડૂતો, પશુપાલકો, ડેરીના સભ્યોએ ઉમંગ સાથે ઉમંગ મોલને આવકાર્યો હતો.





# ભારત રત્ન શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી અને સુશાસન દિવસ નિમિત્તે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં થરાદ ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન




પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપયીના જન્મ દિવસે સોમવારે થરાદમાં મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજે ૫,૦૦૦થી વધુ લોકોએ પોતાની આરોગ્ય તપાસ કરાવી હતી. તમામ રોગની સારવાર માટે થરાદમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા સઘન સારવાર મળતાં મળી હતી. ૫૦થી વધારે નિષ્ણાંત તબીબોની ટીમો તેમના મેડિકલ સ્ટાફ સાથે હાજર રહી સારવાર આપી હતી. આ મેડીકલ કેમ્પમાં ન માત્ર સારવાર પરંતુ અત્યાધુનિક મશીનો દ્વારા પણ ગંભીર રોગોની ચકાસણી કરવામાં આવી હતી. કેન્સર તેમજ હૃદય રોગને લગતા રોગોના નિદાન માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં સ્થાનિક લોકોએ પોતાના સ્વાસ્થ્યને લગતી તપાસ કરાવી હતી.

અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી મેગા મેડીકલ કેમ્પની મુલાકાત દરમિયાન સારવાર લઈ રહેલા તમામ લોકો સાથે રૂબરૂ મુલાકાત કરી મેડિકલ કેમ્પની વિગતો મેળવી હતી. અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે થરાદના લોકો સેવાના કામમાં અગ્રેસર હોય છે. કેમ્પમાં જે પણ લોકોને ગંભીર પ્રકારની બિમારી જણાશે તો તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ સારવાર આપવામાં આવશે. મેડીકલ કેમ્પમાં કેન્સર તેમજ કિડનીના ગંભીર બીમારીનું પણ સ્ક્રીનીંગ થઈ રહ્યું છે. જેથી ગંભીર બીમારીઓમાં લોકોને રોગમુક્ત કરી શકાય.

સાંસદ સભ્ય શ્રી પરબતભાઈ પટેલ જણાવ્યું હતું આજે આરોગ્યની જાળવણી ખુબ જરૂરી છે. વધુ પડતાં રાસાયણિક ખાતરના ઉપયોગના કારણે આજે ગંભીર બીમારીઓનું પ્રમાણ વધ્યું છે.થરાદ ખાતે આજે જયારે આ મેગા મેડિકલ કેમ્પનું આયોજન થયું છે તેમાં લોકોને ઘર આંગણે સારવાર મળી રહી છે. આ પ્રકારના આયોજન બદલ હું સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું.

આ કાર્યક્રમમાં રાધનપુર ધારાસભ્ય લવિંગજી ઠાકોર, બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ પી.જે. ચૌધરી, કનુભાઈ વ્યાસ, બનાસ બેંકના ડીરેક્ટર શૈલેષભાઈ પટેલ, સંઘના ચેરમેન જીવરાજભાઈ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ ઉમેદસિંહ ચૌહાણ બહોળી સંખ્યામાં થરાદના નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.



# મેગા મેડિકલ કેમ્પમાં આરોગ્યલક્ષી તપાસ અને સારવારનો લાભ લેતા થરાદવાસીઓ

















# બનાસની ટીમે સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ જીતીને વધાર્યું બનાસકાંઠાનું ગૌરવ

## દિલ્હી ખાતે બનાસ ડેરીની ૨ ટીમોએ જીત્યો સિલ્વર અને બ્રોન્ઝ એવોર્ડ









દિલ્હી ખાતે ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ American Society for Quality (ASQ) એવોર્ડ સ્પર્ધામાં બનાસ ડેરીની રેફી II, THR અને LKO પનીર, આમ કુલ ત્રણ ટીમોએ ભાગ લીધો હતો, પરંતુ ફાઈનલ રાઉન્ડ પ્રેઝન્ટેશનમાં દેશભરમાંથી ભાગ લેનાર ૪૦થી વધુ ટીમોમાંથી બનાસ ડેરીની રેફી II અને THR ક્વોલિફાય થયા હતા. અંતિમ ચરણોમાં બનાસ ડેરીની રેફી II એ સહકારી ક્ષેત્ર વિશિષ્ટ સિલ્વર એવોર્ડ તેમજ THR ટીમે બ્રોન્ઝ એવોર્ડ જીતીને સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

ટીમોને શ્રેષ્ઠતા માળખા સામે તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાની તક પુરી પાડતા તેમજ પ્રોજેક્ટ્સના પરિણામોને સુધારવા સંસ્થાઓને તેમની ટીમ સુધારણા અને નવીનતાના પ્રયાસોને માપવા અને તેની તુલના કરવામાં મદદ કરવા માટે એક માળખું પૂરું પાડતી સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ સ્પર્ધાનું આયોજન દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉત્પાદન, ઉદ્યોગો, શિક્ષણ, ફાર્મા, કોઓપરેટીવ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી કેટલીક શ્રેષ્ઠ કંપનીઓ તેમની ટીમોને નામાંકિત કરી હતી. ભાગ લેનાર ટીમોનું મૂલ્યાંકન જ્યુરી સભ્યોની પ્રશિક્ષિત પેનલ દ્વારા કરવામાં આવ્યું હતું. બનાસ ડેરીની રેફી II, THR અને LKO પનીર એમ કુલ ત્રણ ટીમોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ફાઈનલિસ્ટ ટીમોને પ્રારંભિક રાઉન્ડ વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશનમાં તેમના સ્કોરના આધારે પસંદ કરવામાં આવી હતી. આ વર્ષે ૪૦ થી વધુ ટીમોમાંથી ૨૪ ફાઈનલિસ્ટ ટીમોએ નવી દિલ્હી ખાતે ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ એવોર્ડ પ્રક્રિયાના લાઈવ ફાઈનલ રાઉન્ડ પ્રેઝન્ટેશનમાં તેમની પ્રોજેક્ટ સફળતાની સ્ટોરીઓ દર્શાવી હતી. ફાઈનલ રાઉન્ડ પ્રેઝન્ટેશનમાં બનાસ ડેરીની રેફી II અને THR ક્વોલિફાય થયા હતા. પરંતુ ફાઈનલ રાઉન્ડ પ્રેઝન્ટેશનમાં દેશભરમાંથી ભાગ લેનાર ૪૦થી વધુ ટીમોમાંથી બનાસ ડેરીની રેફી II અને THR ક્વોલિફાય થયા હતા. અંતિમ ચરણોમાં બનાસ ડેરીની રેફી II એ સહકારી ક્ષેત્ર વિશિષ્ટ સિલ્વર એવોર્ડ તેમજ THR ટીમે બ્રોન્ઝ એવોર્ડ જીતીને સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. સાઉથ એશિયા ટીમ એક્સેલન્સ એવોર્ડ એ સંસ્થાઓને બેન્ચમાર્કમાં મદદ કરવા અને તેમના પ્રોજેક્ટ્સના પરિણામોને સુધારવા માટે સુધારણા પ્રોજેક્ટ્સ અને નવીન પહેલ બંને માટે ટીમ શ્રેષ્ઠતાના સાર્વત્રિક માળખા પર આધારિત વાર્ષિક ટીમ સ્પર્ધા એવોર્ડ છે.



# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે NCDFI મુખ્યાલયનો શિલાન્યાસ અને ઈ-માર્કેટ એવોર્ડ ૨૦૨૩ સમારોહમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આપી હાજરી






માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આયોજિત NCDFI મુખ્યાલયનો શિલાન્યાસ અને ઈ-માર્કેટ એવોર્ડ ૨૦૨૩ સમારોહમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ હાજરી આપીને સહકારી ક્ષેત્રના વિકાસ અંગે પ્રેરક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો અને દૂધ સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલી બહેનો






પણ ઉપસ્થિત રહી હતી. માનનીય કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રીશ્રીએ સહકારી ક્ષેત્રે ઈ-માર્કેટની વૃદ્ધિ માટે સારી કામગીરી કરનાર મંડળીઓ અને સંસ્થાઓને ઈ-માર્કેટ એવોર્ડથી સન્માનિત કરી હતી.

ઈ-માર્કેટ પ્લેટફૉર્મ મારફતે વિવિધ ડેરી ઉત્પાદનો અને કૃષિ ઉપજોનો વેપાર કરનારા અને સેવાઓ પૂરી પાડનારા ડેરી સહકારી મંડળીઓના હિતધારકોના પ્રયાસોને સન્માનિત કરવા અને માન્યતા આપવા માટે NCDFI ઈ-માર્કેટ એવોર્ડ્સ પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે ભારતના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૩૭ વિજેતા સંગઠનોને આ પુરસ્કારો એનાયત કર્યા હતા. આ સંગઠનોના ચેરમેન/ડિરેક્ટરો અને ચીફ એક્ઝિક્યુટિવ્સ સહિતના પશુપાલકોના અગ્રણીઓએ આ પુરસ્કારો સ્વીકાર્યા હતા.


માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહજી એ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતના થોડાં જ જિલ્લાઓમાં દરેક પશુપાલકોને કેસીસી કાર્ડ્સ આપવાની સાથે એક નાનકડાં પાઈલટ પ્રોજેક્ટથી શરૂઆત કરી હતી. દરેક પશુપાલકોના ખાતાને કૉઑપરેટિવ બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યાં છે. દૂધની ચૂકવણીઓ સીધી તેમના બેંક ખાતામાં કરવામાં આવી રહી છે. જો આ મોડેલનું અમલીકરણ સમગ્ર દેશમાં કરવામાં આવે તો, ભારતના ડિજિટલ અર્થતંત્રને હજુ વધારે ગતિવાન બનાવવા માટે ખૂબ મોટું પરિવર્તન લાવી શકાશે. સહકારી ક્ષેત્રની પ્રગતિ માટે સહકારી સંગઠનોની વચ્ચે સહકાર સાધવામાં આવે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જો દરેક પશુપાલક સહકારી બેંક મારફતે કામ કરશે તો તેનાથી ઓનલાઇન ટ્રાન્ઝેક્શનને મોટું પ્રોત્સાહન મળશે. સહકારી સંગઠનોએ અન્ય સહકારી સંગઠનોને સમર્થન પૂરું પાડવું જોઈએ. ખેતી અને પશુપાલન એ ભારતીય અર્થતંત્રના વિકાસને આગળ વધારનારા મુખ્ય ક્ષેત્રો છે. આ ક્ષેત્રો વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિકસિત દેશ બનાવવામાં ચોક્કસપણે મહત્ત્વની ભૂમિકા ભજવશે. NCDFIના પ્રયાસો ઘણી સહકારી સંસ્થાઓને તેમની કામગીરીઓનું આધુનિકીકરણ કરવામાં તેમનું સશક્તિકરણ કરી રહ્યાં છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રસંગને અનુરૂપ વાત કરતાં જણાવ્યું હતું કે NCDFI મુખ્યાલયના નિર્માણથી ડેરી ક્ષેત્રના ઈ માર્કેટને ગતિ સાથે પ્રોત્સાહન મળશે, ઓક્શન દ્વારા વેચાણ વધશે. જેના કારણે દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થા મજબૂત અને ટકાઉ બનશે, દૂધ ઉત્પાદકોનું આર્થિક રીતે મજબૂત થશે. આજે સહકારી ક્ષેત્ર અનેક પરિવારો માટે સમૃદ્ધિનું માધ્યમ બન્યું છે. સહકારી ક્ષેત્રને ડિજિટલાઈઝેશનનો મોટો લાભ મળવા પામ્યો છે. સહકારી ક્ષેત્રમાં ઈ-માર્કેટના લીધે બલ્ક પરચેઝ અને રિસોર્સ યુટિલાઈઝેશનમાં સરળતા આવી છે અને ઈ-ટ્રાન્સેક્શનમાં મોટી વૃદ્ધિ આવી છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપના 'સહકારિતા સે સમૃદ્ધિ' એટલે કે સહકાર મારફતે સમૃદ્ધિ લાવવાના સ્વપ્નને સાકાર બનાસ ડેરી કટીબદ્ધ છે. આ કટીબદ્ધતાને પરિપૂર્ણ કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને કેન્દ્રીય અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ પૂરેપૂરું સમર્થન અને સાથ સહકાર આપે છે, તે બદલ તેમનો ખુબ ખુબ આભાર માનું છું.



# પશુપાલકોની જીવાદોરી સમી બનાસ ડેરીએ આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલની ૫૧ મી પુણ્યતિથિની કરી ઉજવણી

## બનાસ ડેરીનાં અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ સ્વ. ગલબાભાઈ પટેલનાં ચરણોમા શત્ શત્ નમન કરી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી



બનાસ ડેરીએ પોતાના આદ્યસ્થાપક, ગ્રામીણ રોજગાર અને સ્વનિર્ભરના પ્રણેતા સ્વ.શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પુણ્યતિથી નિમિતે સંઘના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ એ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. બનાસ ડેરીના કર્મચારીઓએ ગ્રામીણ વિસ્તારમાં રહેતા પશુપાલકો, ખેડૂતો અને ખાસ કરીને મહિલાઓને સમૃદ્ધ બનાવવા સ્વ. શ્રી ગલબા કાકાએ કરેલા સફળ પ્રયાસોને યાદ કરીને એમના ચરણોમાં શત્ શત્ નમન કર્યા હતા.

આજની પેઢી કદાચ સ્વ. શ્રી ગલબાકાકાને ઓળખતી ના હોય, પરંતુ ગલબાકાકા એટલે બનાસ ડેરીના શિલ્પી, જેમણે ક્રાંતિકારી વિચાર, મક્કમ મનોબળ અને અવિરત પ્રયાસોના ફળસ્વરૂપે વર્ષ ૧૯૬૯ માં બનાસ ડેરીની સ્થાપના કરીને બનાસકાંઠાના ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાની દિશા આપી. આજે બનાસ ડેરીની પ્રગતિ અને તેના કારણે થતાં ખેડૂતો-પશુપાલકોના વિકાસની ચર્ચા ચારેયબાજુ થાય છે. બનાસ ડેરી આજે કુદકેને ભૂસકે પ્રગતિના પંથે ગતિ કરી રહી છે, ત્યારે આ વિકાસના મૂળમાં દીર્ઘદ્રષ્ટિ ધરાવતા સ્વ. શ્રી ગલબાકાકાનું મહાયોગદાન સમાયેલું છે.







આજે પશુપાલકો, ખેડૂતો અને ખાસ કરીને છેવાડાના વિસ્તારમાં રહેતી મહિલાઓનો સામાજિક અને આર્થિક રીતે અદભૂત વિકાસ થયો છે, જેની ચર્ચા આજે ચારેયબાજુ થાય છે. સ્વ.ગલબા કાકાએ રોપેલું સહકારી બીજ આજે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં એશિયાનું સૌથી મોટું વટવૃક્ષ બની ગયું, જેના શીતળ છાયા હેઠળ લાખો પરિવારો સમૃદ્ધ, સશક્ત અને સ્વાવલંબી બન્યા છે.

સ્વ. શ્રી ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓ માટે ઘર આંગણે આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા છે. એક જમાનામાં દૂધ વેચવું એ પુત્ર વેચવા બરાબર ગણાતું હતું, તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓને સ્વાવલંબી બનવવાનો સફળ પ્રયાસ કર્યો હતો. આજે એમના સપનાઓને માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાકાર કરી રહ્યાં છે. તેઓનાં નેતૃત્વમાં બનાસ ડેરી જે રીતે પ્રગતિના પંથે જઈ રહી છે તે જોતા સમગ્ર વિશ્વની નજર બનાસ ડેરી તરફ મંડાણી છે.





# બનાસ ડેરીએ ઘાસચારાની સમસ્યા માટે આધુનિક પદ્ધતિ વિકસાવી

## બનાસ ડેરીએ હાઈડ્રોપોનિક્સ પદ્ધતિથી ઘાસનું મબલખ ઉત્પાદન કરી આત્મનિર્ભર બની છે.

બનાસકાંઠા જિલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો જિલ્લો માનવામાં આવે છે. આ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પાણીની વિકટ સમસ્યા સર્જાતા પશુપાલકો તેમજ ખેડૂતોની હાલત કફોડી બની છે. પરંતુ પશુપાલકોને પશુ માટે સરળતાથી ઘાસ મળી રહે છે. તે માટે બનાસ ડેરી દ્વારા ૩ વર્ષ પહેલા એક હાઈડ્રોપોનિકસ મશીન તૈયાર કરાયું હતું. જેમાં જમીન વગર પશુઓ માટે ઘાસ તૈયાર કરાય છે.

હાઈડ્રોપોનિક્સ એ ઓટોમેટિક સિસ્ટમ છે, જેની મદદથી જમીન વગર માત્ર પાણીથી ખેતી કરી શકાય છે. પશુઓ માટે પોષણક્ષમ ઘાસચારા માટેની પશુપાલકોની સમસ્યાનો ઉપાય બનાસકાંઠાની બનાસડેરીએ આ ઉપાય શોધ્યો છે. બનાસડેરી છેલ્લા ૩ વર્ષથી હાઈડ્રોપોનિકસ ઘાસની મશીન થકી ઘાસની ખેતી કારણે પશુપાલકોને પૂરતું ઘાસચારો પૂરું પાડે છે. આ પદ્ધતિમાંમાત્ર સાત દિવસમાં જ દાણામાંથી ઘાસચારો તૈયાર કરાય છે અને તે પણ જમીન વગર.જે પશુપાલકો પાસે ઘાસચારાની ખેતી કરવા જમીન નથી. તેવા પશુપાલકો માટે આ હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ આશીર્વાદ સમાન છે.

### હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ શું છે?



હાઈડ્રોપોનિક્સ મૂળ ગ્રીક શબ્દ છે, જેમાં હાઈડ્રો એટલે પાણી અને પોનિક્સ એટલે શ્રમ થાય છે, એટલે કે ઘાસ જમીનને બદલે પાણીમાં ઉગાડવાને હાઈડ્રોપોનિક્સ કહેવામાં આવે છે. આ પદ્ધતિ મુજબ જમીન કરતાં માત્ર ૧૦ ટકા પાણીની જરૂરિયાત રહે છે. ખાસ પ્રકારની પાઈપલાઈનથી સેટઅપ તૈયાર કર્યા બાદ એની જાળવણી માટે માત્ર પોષકતત્ત્વો અને પ્લાન્ટનો નહિવત ખર્ચ થાય છે. આ પદ્ધતિનો ઈઝરાયલ, જર્મની, અમેરિકા અને ચીનમાં ઉપયોગ થઈ રહ્યો છે.

### હાઈડ્રોપોનિક્સ ઘાસચારો:

- હાઈડ્રોપોનિક્સ મશીનમાં બીજથી ઘાસ ૭ થી ૧૦ ગણું વધારે પેદા થાય છે.
- ફક્ત ૨ થી ૩ લીટર પાણીના ઉપયોગથી ૧ કિ.ગ્રા. લીલું ઘાસ પેદા થાય છે.

- જમીન વિહોણા કે ઓછી જમીન ધરાવતા ખેડૂતોને પશુપલાકોનમાં ખુબ જ ફાયદો થાય તે માટેની શરૂઆત.
- સંપૂર્ણ કુદરતી રીતે આ ઘાસ પેદા થાય છે.
- જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો પડતો નથી.

બનાસ ડેરીએ રૈયા ગામે ૨૫ બાય ૨૫ની જગ્યામાં હાઈડ્રોપોનિક્સ પદ્ધતિ દ્વારા ઘાસચારાની ખેતી કરી છે. જેમાં એક બંધ રૂમ જેવો સેડ તૈયાર કર્યો છે. આ સેડમાં અલગ અલગ ખાના બનાવેલા છે, જે ખાનાઓમાં ૬૦ પ્લેટો રખાય છે. જેમાં મકાઈ અને જવના બિયારણ ભરીને ટ્રે રાખવામાં આવી છે. તેના પર ફુવારા પદ્ધતિ દ્વારા પાણી આપવામાં આવે છે. આ પાણી માટે પણ ઓટોમેટિક સિસ્ટમ ગોઠવેલી છે અને તે પણ ત્રણ કલાકે પાણી આપવામાં આવે છે. આ મશીનમાં સાત દિવસમાં પશુઓ માટે ઘાસ તૈયાર થઈ જાય છે, જેમાં એક પ્લેટમાં સાતથી આઠ કિલો જેટલું ઘાસ તૈયાર થાય છે અને કુલ ૬૦ પ્લેટોમાંથી ૪૨૦ કિલો જેટલું આ મશીનમાં પશુઓ માટે ઘાસ તૈયાર થાય છે.

મોટાભાગે ખેતરમાં ઘાસને તૈયાર થતાં ૫૦ થી ૬૦ દિવસનો સમય લાગે છે. પરંતુ હાઈડ્રોપોનિકસ મશીનમાં માત્ર સાત દિવસમાં ઘાસ તૈયાર થઈ જાય છે. હાઈડ્રોપોનિકસ મશીનમાં ઓછા પાણીએ ઘાસ તૈયાર થતું હોવા છતાં ખાસ વાત તો એ છે કે, આ ઘાસમાં વધુ પોષક તત્વો છે. પડતર ઓછી હોવાને કારણે પશુપાલકોને પણ આ ઘાસ પોસાય તેમ છે.છેલ્લા ૩ વર્ષથી તૈયાર કરવામાં આવેલ ઘાસચારો આજુબાજુના પશુપાલકોને આપવામાં આવે છે. તેનાથી પશુઓના દૂધની ગુણવત્તા વધવાની સાથે સાથે વધુ દુધ પણ આપે છે. જે પશુપાલકો માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે.






# પશુધનને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા બનાસ ડેરીની વધુ એક પહેલ

## પશુધનનાં સ્વાસ્થ્યની ચિંતા કરીને બનાસ ડેરીએ શરુ કર્યું આરોગ્યલક્ષી બનાસ ક્ષીરવૃદ્ધિ પ્રોડક્ટ્સનું ઉત્પાદન





# બનાસ ડેરીઃ પશુપાલકોની જીવાદોરી

કળીયુગમાં સંગઠનમાં જ શકિત રહેલી છે અને આ મંત્રને સાચો સાબિત કરે છે બનાસડેરી બનાસકાંઠાને વિશ્વમાં ગુંજતુ કરતું સહકારી સાહસ એટલે સમગ્ર એશીયામાં સૌથી મોટી અને સૌથી વધુ દુધઉત્પાદન કરતી બનાસ ડેરી. બનાસ ડેરી પશુપાલકો અને ખેડૂતોની જીવાદોરી છે. જે રીતે મનુષ્યનાં જીવનમાં ખોરાક, કપડાં અને મકાન મૂળભૂત જરૂરિયાત બની ગયા અને જીવવા માટે ઓક્સિજનની ખાસ જરૂરિયાત હોય છે, એજ રીતે આજના સમયમાં પશુપાલકો અને ખેડૂતો માટે બનાસ ડેરી એટલે જીવન જીવવાનો એક માર્ગ છે. બનાસ ડેરીમાં દૂધ ભરાવીને પશુપાલકો આર્થિક રીતે સશક્ત બનીને જીવનને સુખ સમૃદ્ધિ સાથે જીવી રહ્યાં છે. આર્થિક રીતે સમૃદ્ધ બનતા તેઓ જીવનની જરૂરિયાત તમામ ચીજવસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે. બનાસ ડેરીએ પશુપાલકોને જીવન જીવતા શીખવાડ્યું છે, એટલે જ તો બનાસવાસીઓ માટે બનાસ ડેરી જીવાદોરી સમાન છે.

ગુજરાતમાં ગ્રામિણ દૂધ ઉત્પાદકો અને ખેડૂતોના જીવન ધોરણના વિકાસની સાથે સાથે રાજ્યના આર્થિક વિકાસમાં પણ બનાસ ડેરી અતિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હાલ જિલ્લામાં ઘણી મંડળીઓ મહિલાઓ દ્વારા સંચાલિત છે. આમ સમાજમાં મહિલાઓના ઉત્કર્ષ તથા મહિલાઓને પણ સ્વાવલંબી બનાવવામાં બનાસ ડેરીની મહત્ત્વની ભૂમિકા છે. ડેરીના પરિણામે ગ્રામિણ પરિવારોને કાયમી રોજગારી મળી છે તેમજ નિયમિત અંતરે મળતા દૂધના પોષણક્ષમ ભાવના લીધે દૂધ ઉત્પાદકોના જીવનમાં સુખાકારી આવી છે. એક રીતે કહીએ તો આજે બનાસકાંઠાનાં ગામડામાં દુધની નદી વહે છે. ડેરી ઉદ્યોગથી સમાજમાં સહકાર, એકરૂપતા, સુખાકારી અને આર્થિક સદ્ધરતા આવી છે. આમ સહકારી ક્ષેત્રે બનાસ ડેરી રાજ્યના ખેડૂતો અને પશુપાલકોને આર્થિક રીતે સદ્ધર કરી તેમનું જીવનધોરણ ઊંચુ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.







ગ્રામીણ સમાજ માટે નાની-મોટી મુશ્કેલીઓ સામે ટકવું, ઓછી આવક, સાદગીભર્યા વ્યવહારો જેવા કપરા સંજોગોના લીધે છેલ્લા ઘણા સમયથી અગવડતાભર્યુ ગ્રામીણ જીવન ચાલતુ આવ્યું છે. પરંતુ બનાસ ડેરી થકી નિયમિત અંતરે મળતી આવકથી પશુપાલકોના સામાજીક તેમજ આર્થિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. એક સો જેટલા સાથીઓ સાથે સ્વ. શ્રી ગલબા કાકાએ એક ગામ, રોજના આઠ સો લીટર દુધના કલેકશન સાથે વર્ષ. ૧૯૬૯ શરુ કરેલ બનાસડેરી આજે દેશના સાત રાજયોમાં દૈનિક સરેરાસ ૭૫ લાખ લીટરથી વધારે દુધ સંપાદન કરે છે અને ૯૦.૫૮ લાખ લીટર દુધ સંપાદનો રેકોર્ડ સ્થાપીત કર્યો છે. માત્ર બીજાનું ભલુ, સમાજની ઉન્નતીના લક્ષ્ય સાથે પ્રગતિના પંથે ડગલા ભરવાની શરુઆત થઇ અને આજે બનાસ ડેરી સમગ્ર એશિયામાં સૌથી વધુ દુધ ઉત્પાદન કરતી એકમાત્ર સહકારી સંસ્થા બની ગઈ છે.

બનાસડેરીના સંચાલકોનો આશય માત્ર ડેરીને આધુનિક બનાવવા સુધી જ સીમીત નથી તેઓ પશુપાલકને પણ આધુનિક સાધનો અને ઉપલબ્ધીઓથી સજજ કરવા માગે છે. એટલે જ તમામ દુધ મંડળીઓ પર એક સમાન કોમન સોફ્ટવેર, ઓટોમેટિક દુધ ખરીદ પ્રક્રિયા, ફેટ અને એસ.એન.એફ. આધારીત ખરીદ પ્રક્રિયા ખેડૂતો તથા દુધ ઉત્પાદકોને ફાર્મર એપથી જોડાયેલા છે. દુધ ઉત્પાદકને ઝડપથી એસ.એમ.એસ. દ્વારા જાણકારી મળી રહે છે. દરેક ઉત્પાદકને પોતાની કપાત, ભાવ વધારો વગેરેની મહિતી મળી પણ રહે છે. આ એપ દ્વારા તેઓ પશુઓની લે વેચ પણ કરી શકે છે. આવી જ એપ અધિકારીઓ પાસે પણ હોય છે, જેના દ્વારા તેઓ તમામ મંડળીઓનું તેમજ દૂધ વાહનોનું જી.પી.એસ દ્વારા મોનિટરીંગ પણ સહેલાઈથી કરી શકે છે. સંઘના સુપરવાઇઝર દ્વારા અવારનવાર મંડળીઓની તપાસ કરવામાં વિડીઓ મોનીટરીંગ ઉપયોગી બને છે. બનાસ ડેરી કોઇ માત્ર વધુ દુધ ઉત્પાદનના કારણે ભારત અને એશીયામાં નંબર વન નથી બની પણ સતત નવા વિચાર, નવા સંશોધનો, અતિ આધુનિક સાધનોની ઉપલબ્ધિઓથી પોતાના નાનામાં નાની દુધ મંડળીને સજજ કરીને બની છે. દુધ અને દુધની બનાવટોનું ઉત્પાદન ખુબજ કાળજી માંગી લે તેવુ કામ છે. કારણ એજ કે દુધએ એવી કુદરતી બનાવટ છે, જો જાળવણી અને સમયોચિત સ્થળાંતર ના કરવામાં આવે તો દુધ બગડી જાય અને આપણે સૌ જાણીએ છીએ કે એક ટીપુ બગડેલ દુધ જો બીજા દુધમાં ભળી જાય તો બધુજ દુધ બગડી જાય છે. આ વાતને સખત રીતે અનુસરીને એકે એક ટીપાને ડેરી સુધી પહોચાડવાની સુઆયોજીત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાય કે ભેસને દોહીને એકત્ર કરેલ દુધ લોકલ કલેકશન સેન્ટરે સમયસર અને સુરક્ષીત પહોચે છે. જયાં અતી આધુનિક સાધનો દ્વારા ચકાસી તેના ફેટ તપાસી, કુલર દ્વારા સુરક્ષીત વાહનમાં સમયસર બનાસ ડેરી પહોંચાડવામાં આવે છે. ડેરીમાં તરતજ તેની પ્રોસેસ શરુ થઇ જાય છે અને વિશાળ આધુનિક યંત્રો દ્વારા પ્રોડક્ટ્સ બનાવી ચોવીસ કલાક પહેલા તેને બજારમાં પહોચાડવામાં આવે છે.

આજે બનાસ ડેરી એશિયાની એકમાત્ર સહકારી સંસ્થા છે જે દરરોજ સરેરાશ ૯૦ લાખ લિટરથી વધુ દૂધ અને વાર્ષિક ૨૫૦

કરોડ લિટરથી વધુ દૂધનું પ્રોસેસિંગ કરે છે અને દૂધ ઉત્પાદકોના બેંક ખાતામાં દરરોજ રૂ. ૩૫ કરોડથી વધુ જમા કરે છે. દૂધ અને પ્રાપ્ત રકમની વિગતો SMS દ્વારા મોકલવામાં આવે છે. આ વર્ષે, દૈનિક દૂધની ચૂકવણી સિવાય, બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોને વળતર તરીકે રૂ. ૧૯૫૩ કરોડનું વિતરણ પણ કર્યું છે.

ઉપરાંત, બનાસ ડેરીનું ટર્નઓવર વર્ષ ૨૦૦૧-૦૨ માં રૂ. ૩૭૪ કરોડ હતું, જે વર્ષ ૨૦૧૩-૧૪ માં વધીને રૂ. ૪૬૮૭ કરોડ થયું હતું અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪૮ ગણું વધીને રૂ. ૧૮૦૫૯ કરોડ થયું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ માં ૨૫ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચવાના સંકલ્પ સાથે બનાસ ડેરી સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

બનાસડેરી દ્વારા નવા સાહસના ભાગરૂપે વર્ષ ૨૦૧૩-૧૪ પછી બનાસ બાયોગેસ પ્લાન્ટ, રેફ્રીજરેટર પ્લાન્ટ અને કોલ્ડ સ્ટોરેજ, ફરીદાબાદ પ્લાન્ટ, લખનૌ પ્લાન્ટ, કાનપુર પ્લાન્ટ, કેટલફીડ પ્લાન્ટ વિસ્તૃતિકરણ, ઓથેલો ચારો સાયલેજ પ્રોજેક્ટ, હાઈડ્રોપોનીક્સ ઘાસચારો, બાયોગેસ સીએનજી, બટાકા મૂલ્યવર્ધન પ્રોજેક્ટ, બનાસ મધ પ્રોજેક્ટ, ટેક હોમ રાશન પ્રોજેક્ટ, બનાસ ઓઈલ મિલ, રોલાર પ્રોજેક્ટ, બનાસ મેડીકલ કોલેજ, ગુજરાત બહાર બનાસડેરીનો વ્યાપ- લખનૌ, કાનપુર, ફરીદાબાદ, વારાણસીમાં પ્લાન્ટનું નિર્માણ, વૃક્ષારોપણ અભિયાન, સીડ બોલ અભિયાન, જળસંચય, બેટી બચાઓ-બેટી પઢાઓ, વ્યસન મુક્તિ અભિયાન, બનાસ સંકુલ-સણાદર, બનાસ રેડિયો, ફૂડલેન્ડ રેસ્ટોરન્ટ, એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનોલોજીની શરૂઆત થઈ છે.

એક અંદાજે સંસ્થાની આવકનો ૮૩ ટકા હિસ્સો દૂધ ઉત્પાદકોમાં વહેચવામાં આવે છે અને માત્ર ૧૭ ટકા વહિવટી, ઉત્પાદન અને ટ્રોન્સપોર્ટેશનમાં વાપરવામાં આવે છે. બનાસડેરી આજે પણ સહીયારા પ્રયાસનું સર્વોત્મ વળતર આપતી સંસ્થા છે. હાલના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં  છેલ્લા આઠ વર્ષમાં બનાસડેરીએ જે ફરણ ફાળ ભરી છે, તેનો શ્રેય લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય શ્રી નરેન્દ્રભાઈ માદીજીના બહુમુલ્ય માર્ગદર્શનને ફાળે જાય છે, જેના કારણે આજે બનાસડેરી દુધ ઉત્પાનની સાથે સાથે અનેક નવા સાહસો શરૂ કરીને સફળતાના નવા શિખરો સર કર્યા છે.





## આયુર્વેદમાં અમૃત મનાતું બનાસ ડેરીનું શુદ્ધ ઘી



# બનાસ ડેરીનો નવો પ્લાન્ટ વારાણસીને કરશે વિકાસના મોડેલમાં રૂપાંતરિત

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીનો નવો પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલુ છે ત્યારે તાજેતરમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે રૂબરૂ જઈને નિર્માણાધીન પ્લાન્ટની કાર્ય પ્રગતિની માહિતી પ્રાપ્ત કરી સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. આ પ્લાન્ટનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મોદીજીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ૫ લાખ લીટર પ્રતિ દિવસ છે તેમજ અહિયા દૂધ, દહીં, પનીર, લસ્સી, આઈસ્ક્રીમ અને મીઠાઈનું પણ ઉત્પાદન થશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણ થનાર પ્લાન્ટની મુલાકાત કર્યા બાદ જણાવ્યું હતું કે છેલ્લા ૭-૮ વર્ષોમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડીશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં બનાસ ડેરીએ પોતાની શાખાઓ શરુ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે.



સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે.

**બનાસ સંકુલ, વારાણસી થકી થતાં ફાયદોઃ**

વારાણસી વિસ્તારના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી, ગાઝીપુર, મિર્ઝાપુર અને આજમગઢના ૧૦૦૦ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે.

રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે.

બનાસ સંકુલ, વારાણસી ઉત્તર પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્ત્રોત બનશે.


વારણસી ઝડપી વિકાસના મોડેલમાં રૂપાંતરિત થશે.

વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન, સરળતા, સગવડતા અને સુવિધાઓ લાવશે.





## ‘ગૌ સેવાનું ફળ ઘણું, જેમાં દેવીનો વાસ; ગૌનું જે પાલન કરે, તે ઘર સદા ઉલ્લસ.’






ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે ગાય આખા જગતની માતા સ્વરૂપ છે, એમાં બધા દેવી-દેવતાઓનો નિવાસ છે. એટલે ગાયની સેવા કરવાથી પુણ્ય મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગાયમાતાને ઘાસ ખવડાવીને પશુધનની સેવા કરવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. તેઓશ્રીની આ અદભૂત અને અવિસ્મરણીય તસ્વીરો પશુપાલકોને પશુધન પાળી પશુપાલન વ્યવસાય કરવાની પ્રેરણા પૂરું પાડે છે. બનાસ ડેરી સદાય મોદીજીના જીવન, પ્રવચન અને કર્તવ્યો પરથી પ્રેરણા મેળવે છે.

# બનાસદાણ – પશુધન માટે ઉત્તમ, પૌષ્ટિક ખોરાક

રાષ્ટ્રના કુલ દૂધ ઉત્પાદનમાં આપણે વિશ્વ સાથે હરીફાઈ કરી રહ્યાં છીએ ત્યારે દૂધ ઉત્પાદનના વ્યવસાયમાંથી યોગ્ય વળતર મળી રહે તેમજ પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે માટે બનાસ ડેરી પશુધનના ખોરાકની ચિંતા કરીને કેટલ ફીડ પ્લાન્ટની અંદર બનાસદાણ (ગાય માટે), બનાસ ભેંસદાણ, બનાસ બચ્ચાદાણ, બનાસ વિકાસ દાણ, બનાસ સગર્ભા દાણ, બનાસ મિક્ષ આહાર, બનાસ મકાઈ પાપડી જેવા અનેક પોષક તત્વોથી ભરપુર, સમતોલ અને પૌષ્ટિક દાણ તૈયાર કરે છે.

બનાસદાણમાંથી પશુધનને જરૂરી પ્રોટીન, એનર્જી મળે છે તેમજ ફળ સ્વરૂપ દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ અને ફેટ તથા એસ.એન.એફ.માં પણ સુધારો જોવા મળે છે.

બનાસ ડેરી વર્તમાનમાં પ્રતિદિન કુલ ૨૯૦૦ મેટ્રિક ટન ક્ષમતાથી દાણનું ઉત્પાદન કરી રહી છે.









યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પોતાનું સંપૂર્ણ જીવન પ્રજાજનો અને રાષ્ટ્રના કલ્યાણ કરવા માટે સમર્પિત કર્યું છે. તેમની નીતિ, નિયત અને નેતૃત્વ હેઠળ ગરીબ-વંચિત અને જરૂરિયાતમંદોનો સર્વાંગી વિકાસ થયો છે. એમાં પણ ખાસ કરીને દેશના પશુપાલકો અને ખેડૂતો સમૃદ્ધ, સશક્ત અને સ્વાવલંબી બન્યા તે જોઈને મને આનંદ થાય છે.

- ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી